1. ખાનગી વસ્તુ અને જાહેર વસ્તુના તફાવતના બે મુદા જણાવો.

- જે વસ્તુ ખાનગી માલિકીની છે. જેનો વપરાશ વ્યક્તિગત ધોરણે છે અને જેના વપરાશનું ક્ષેત્ર મર્યાદિત છે તે ખાનગી વસ્તુ છે. જ્યારે જે વસ્તુની માલિકી સામૂહિક- સરકારની છે અને જેના વપરાશનું ક્ષેત્ર વિશાળ છે તે જાહેર વસ્તુ છે.ખાનગી વસ્તુમાં સ્પર્ધાત્મકતા અને વંચિતતાનો ગુણ છે, જ્યારે જાહેર વસ્તુમાં આ બંને ગુણોનો અભાવ છે.

2. વસ્તુઓ અને સેવાઓનો અર્થ ઉદાહરણ સાથે સમજાવો.

- વસ્તુઓ : જે ભૌતિક બાબતો દ્વારા માનવીની જરૂરિયાત સંતોષાય છે, તે વસ્તુઓ છે. જેમ કે, ખોરાક દ્વારા માનવીની ભૂખ સંતોષાય છે. તેથી ખોરાક એ વસ્તુ છે.
- સેવાઓ : જે અભૌતિક બાબતો દ્વારા માનવીની માનસિક જરૂરિયાત સંતોષાય છે, તે સેવાઓ છે, જેમ કે, શિક્ષણ દ્વારા જિજ્ઞાસા સંતોષાય છે, સંગીત દ્વારા મનને શાંતિ મળે છે. તેથી શિક્ષણું અને સંગીત સેવાઓ છે.

3. અર્થશાસ્ત્રમાં કઈ વસ્તુઓને વપરાશી વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે?

- જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીની જરૂરિયાત સંતોષે છે, તે વસ્તુઓને અર્થશાસ્ત્રમાં વપરાશી વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કપડાં સીધાં જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીના પહેરવેશની જરૂરિયાત સંતોષે છે, ખોરાક સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીની ભૂખની જરૂરિયાતને સંતોષે છે. તેથી કપડાં અને ખોરાક વપરાશી વસ્તુઓ છે.

4. વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિનો અર્થ આપો.

- જે સંપત્તિની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત હોય, તે વ્યક્તિગત સંપત્તિ ગણાય છે. ઉદાહરણ તરીકે, મકાનની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત છે. તેથી તે વ્યક્તિગત સંપત્તિ છે. જે સંપત્તિની માલિકી અને વપરાશ સમાજ-સમૂહ દ્વારા થતો હોય, તે સામાજિક સંપત્તિ ગણાય છે. ઉદાહરણ તરીકે, રેલવે, પોસ્ટ વગેરે સામાજિક સંપત્તિ છે.

5. પ્રો. માર્શલના મતે સંપત્તિનો અર્થ જણાવો.

- માર્શલના મતે, ’જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.’મકાન, જમીન, સોના-ઝવેરાત ઉપયોગી છે. ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતો માટે વિનિમયક્ષમ છે. માલિકીપણાનો ગુણ ધરાવે છે, તેથી આ બધી વસ્તુઓ સંપત્તિ

6. ઉપયોગિતા મુલ્ય અને વિનિમય મૂલ્ય વચ્ચેનો સંબંધ જણાવો.

- જે વસ્તુનું ઉપયોગિતા મૂલ્ય હોય તેનું વિનિમય મૂલ્ય હોય જ તે જરૂરી નથી, પરંતુ જે વસ્તુનું વિનિમય મૂલ્ય હોય તેનું ઉપયોગિતા મુલ્ય ચોક્કસ હોય છે.જે વસ્તુનો પુરવઠો અમાપ હોય તે વસ્તુ માટે ઉપયોગિતા મૂલ્ય ખૂબ ઊંચું અને વિનિમય મૂલ્ય ખૂબ નીચું રહે છે. જેમ કે, હવા, પાણી વગેરે વસ્તુઓ.જે વસ્તુનો પુરવઠો નિયંત્રિત હોય

એટલે જે વસ્તુની અછત હોય તેમજ તે વસ્તુ માટે ઉપયોગિતા મૂલ્ય ઓછું અને વિનિમય મૂલ્ય વધુ હોય છે. જેમ કે, સોનું, ચાંદી, હીરા વગેરે વસ્તુઓ.

7. સામાન્ય વ્યવહારમાં જમીનનો અર્થ આપો અને જમીનનાં લક્ષણો જણાવો.

➢ સામાન્ય વ્યવહારમાં જમીન એટલે પૃથ્વીની ઉપરની સપાટી જેના પર માણસ વસવાટ કરે છે. જમીન કુદરતી બક્ષિસ છે. તેનો પુરવઠો નિશ્ચિત છે. જમીન અગતિશીલ સાધન છે. જમીનના વળતરને ભાડું કહે છે અને જમીનની ફળદ્રુપતા જુદી જુદી હોય છે.

8. “શ્રમ અને શ્રમિક અભિન્ન છે.” સમજાવો.

➢ જમીન અને મૂડી ઉત્પાદનનાં એવાં સાધનો છે, જે માલિકની ગેરહાજરીમાં પણ ઉપયોગમાં લઈ શકાય છે, જ્યારે શ્રમને શ્રમિકથી જુદો પાડી શકાતો નથી. શ્રમિક એક જગ્યાએ હોય અને તેનો શ્રમ બીજી જગ્યાએ ઉત્પાદન કરે એમ બની શકતું નથી. શ્રમિકની ગેરહાજરી હોય છતાં પ્રેમ કાર્ય થઈ શકે એવું શક્ય નથી.આમ, શ્રમ અને શ્રમિક એકમેકષી અભિન્ન છે.

9. "મૂડી માનવસર્જિત ઉત્પાદનનું સાધન છે." સમજાવો.

➢ મૂડીસાધનો મનુષ્ય દ્વારા ઉત્પાદનના અન્ય સાધનોની મદદથી સર્જાય છે. મૂડી ઉત્પાદનનું ઉત્પાદિત સાધન છે. ઉદાહરણ તરીકે, કપડાં સીવવાનો સંચો, તેમજ ખેતી માટે ઉપયોગી ટ્રેક્ટર મનુષ્યો દ્વારા વિવિધ ઓજારો અને મંત્રોના ઉપયોગથી તૈયાર થાય છે. ઉત્પાદનકાર્યમાં ઉપયોગી થતાં બધાં મુડીસાધનો માનવશ્રમ દ્વારા તૈયાર થાય છે. ઉપરાંત મનુષ્ય બચતો દ્વારા નાણાકીય મૂડીનું સર્જન કરે છે. તેથી મૂડી માનવસર્જિત ઉત્પાદનનું સાધન છે.

10. “નિયોજક ઉત્પાદનના નેતા છે.” સમજાવો.

➢ નિયોજક ઉત્પાદક-એ કેમ શરૂ કરે છે અને જમીન, શ્રમ અને મૂડી એ ત્રણ સાધનોનું એકત્રીકરણ અને સંકલન કરીને ઉત્પાદન માટેનું વ્યવસ્થાતંત્ર ઊભું કરી ઉત્પાદનકાર્યનું સતત ધ્યાન રાખે છે. નિયોજક ઉત્પાદન-પ્રવૃત્તિ દરમિયાન ઊભા થતા અનેક પ્રકારના પ્રશ્નોના ઉકેલ અંગે રોજ રોજ નિર્ણયો લઈ છેવટના ઉત્પાદન અંગેનો સ્વતંત્ર નિર્ણય કરે છે. નિયોજક ઉત્પાદન-પ્રવૃત્તિના વિકાસ માટે સૂઝ અને સમજ દાખવી તેનું કુશળતાપૂર્વક સંચાલન કરી , વધુમાં વધુ નફો મેળવવાનું આયોજન કરે છે. તેથી નિયોજક ઉત્પાદનનો નેતા કહેવાય છે.